# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 13-10-2024 Midday : 1.20 to 1.30
Day : Sunday National News

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી આફ્રિકાના ત્રણ દેશોની મુલાકાતે જવા રવાના
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પીએમ ગતિશક્તિ માસ્ટર પ્લાનના ત્રણ વર્ષ નિર્મિત્તે આ પહેલને ભારતના માળખાકીય ક્ષેત્ર માટે પરિવર્તનકારી ગણાવી.
- લોકસભાના અધ્યક્ષ ઓમબિરલા આજથી જીનીવામાં શરૂ થનારી આંતર-સંસદીય સંઘની બેઠકમાં હાજરી આપશે.
- આજે આપત્તિ જોખમ નિવારણ દિવસની ઉજવણી કરાઈ રહી છે.
- મહિલા T20 ક્રિકેટ વર્લ્ડકપમાં આજે ગ્રુપ Aની મેચમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મેચ રમાશે.
- *****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# DAY-PREZ-VISIT-(WITH-V-C).RTF

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સવારે આફ્રિકાના 3 દેશો અલ્જીરિયા, મોરિટાનિયા અને મલાવીની મુલાકાતે જવા રવાના થયા છે. મુલાકાતના પ્રથમ તબક્કામાં તેઓ આજે અલ્જીરિયા પોહચશે. સુશ્રી મૂર્મુ અલ્જેરિયાના રાષ્ટ્ર પ્રમુખ અબ્દેલ માદજીદ તેબ્બુન અને અન્ય નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. રાષ્ટ્રપતિ અલ્જેરિયાના મહત્વના સાંસ્કૃતિક અને ઐતિહાસિક સ્થળોની મુલાકાત લેશે. તેઓ ભારત-અલ્જેરિયા આર્થિક મંચને પણ સંબોધન કરશે .

મુલાકાતના બીજા તબક્કામાં તેઓ 16મી તારીખે મોરિટાનિયાની મુલાકાત લેશે. અંતિમ તબક્કામાં રાષ્ટ્રપતિ 17મી તારીખથી ત્રણ દિવસના પ્રવાસે મલાવી પહોચશે. આ દેશોની મુલાકાત દરમિયાન, રાષ્ટ્રપતિ મૂર્મુ દ્વિપક્ષીય બેઠકો કરશે અને વેપાર-ઉદ્યોગના પ્રતિનિધિઓ સાથે બેઠક કરશે. તેઓ આ દેશોમાં વસતા ભારતીય સમુદાયના લોકો સાથે પણ સંવાદ કરશે. સુશ્રી મૂર્મુની આફ્રિકાના આ ત્રણેય દેશોની આ પ્રથમ મુલાકાત છે.

# PM-GATISHAKTI.RTF

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પીએમ ગતિશક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાનના ત્રણ વર્ષ પૂરા થવા પર પ્રશંસા કરતાં આ પહેલને ભારતના માળખાકીય ક્ષેત્ર માટે પરિવર્તનકારી ગણાવી છે.

સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રી મોદીએ જણાવ્યું કે ગતિશક્તિ યોજનાએ મલ્ટિમોડલ કનેક્ટિવિટી નોંધપાત્ર રીતે વધારી છે અને વિવિધ ક્ષેત્રોમાં ઝડપી અને કાર્યક્ષમ વિકાસ સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમણે જણાવ્યું કે વિવિધ હિસ્સેદારોના એકીકરણથી લોજિસ્ટિક્સ ક્ષેત્ર મજબૂત થયું છે અને રોજગારની નવી તકો ઊભી થઈ છે.પ્રધાનમંત્રીએ કહ્યું કે ગતિશક્તિ યોજના વિકસિત ભારતના સ્વપનને સાકાર કરવામાં ગતિ પ્રદાન કરી રહી છે અને આનાથી ઉદ્યમીતા અને નવીનતાને પ્રોત્સાહન મળશે.

## ASIAN-TABLE-TENNIS-CHAMPIONSHIPS.RTF

આહિકા મુખર્જી અને સુતીર્થા મુખર્જીની ભારતીય જોડીએ એશિયન ટેબલ ટેનિસ ૧૪૯મી સ્પર્ધાની મહિલા ડબલ્સમાં કાસ્ય ચંદ્રક જીતીને ઇતિહાસ સર્જ્યો છે. આજે સેમિફાઇનલમાં જાપાનની મિવા હરિમોતો અને મિયુકિહારાની જોડી સામે ભારતીય જોડીને ૩ – ૦ થી પરાજય થતાં કાંસ્ય ચંદ્રક પ્રાપ્ત થયો છે.

દરમિયાન પુરુષ સિંગલ્સમાં માનુષ શાહ, માનવ ઠક્કર અને હરમીત દેસાઈને હારનો સામનો કરવો પડ્યો છે. આ સ્પર્ધામાં ભારતીય પુરૂષ અને મહિલા ટીમો અગાઉ કાંસ્ય ચંદ્રક જીતી ચૂકી છે.

## EVE-PM-INTERNSHIP-SCHEME

ઓનલાઈન પોર્ટલ pminternship.mca.gov.in પર પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ સ્કીમ માટે રજીસ્ટ્રેશન શરૂ થઈ ગયું છે જે આ મહિનાની 25મી તારીખ

સુધી ખુલ્લું રહેશે. પ્રધાનમંત્રી ઇન્ટર્નશિપ યોજના પોર્ટલ પર અત્યાર સુધીમાં 193 કંપનીઓ દ્વારા લગભગ 91 હજાર ઇન્ટર્નશિપની તકો પૂરી પાડવામાં આવી છે.

સરકારનું લક્ષ્ય નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન સવા લાખ ઇન્ટર્નશિપની તકો પૂરી પાડવાનું છે. પાયલોટ પ્રોજેક્ટનો કુલ ખર્ચ 800 કરોડ રૂપિયા હશે. સરકાર પાંચ વર્ષના સમયગાળામાં 21 થી 24 વર્ષની વયના એક કરોડ ઉમેદવારોને ઇન્ટર્નશીપ આપવાનું લક્ષ્ય ધરાવે છે. ઇન્ટર્નને 12 મહિના માટે 5,000 રૂપિયાની માસિક નાણાકીય સહાય અને 6,000 રૂપિયાની એક વખતની ગ્રાન્ટ મળશે.

## PAK-SECTION 144

પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં 15 અને 16 ઓક્ટોબરે શાંઘાઈ સહકાર સંગઠનની બેઠક યોજાશે. જે અંતર્ગત કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પંજાબ સરકારે રાવલપિંડીમાં 17 ઓક્ટોબર સુધી કલમ 144 લાગુ કરી છે.

આ બેઠકને ધ્યાનમાં રાખીને ઈસ્લામાબાદમાં સેના તૈનાત કરવામાં આવી છે. રાવલપિંડી અને ઈસ્લામાબાદમાં મેરેજ હોલ, રેસ્ટોરન્ટ અને કાફે પાંચ દિવસ માટે બંધ કરાયા છે. વિદેશમંત્રી એસ.જયશંકર પણ આ બેઠકમાં ભાગ લેવા માટે ઈસ્લામાબાદ જશે.

## MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.**

## INTERNATIONAL-DAY-FOR-DISASTER-

આપત્તિ નિવારણમાં શિક્ષણના મહત્વને ઉજાગર કરવાના ઉદ્દેશથી આજે આપત્તિ જોખમ નિવારણ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે કહ્યું છે કે કુદરતી આપત્તિ સમાજ અને અર્થવ્યવસ્થાની સાથે સાથે બાળકોના શિક્ષણ, આરોગ્ય અનેસલામતીને પણ અસર કરે છે.

શ્રી ગુટેરેસે આપત્તિઓ સામે ટકી શકે તેવી શાળાઓ બનાવવાની અપીલ કરી છે. તેમણે આબોહવા પરિવર્તિત અંગે બાળકોને શિક્ષિત કરવાનું સૂચન કર્યું છે.

## REV.-IMD---RAIN.RTF

ભારતીય હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન દક્ષિણ કર્ણાટક, કેરળ, માહે અને તમિલનાડુના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ શક્યતા વ્યક્ત કરી છે.

આગામી બે દિવસ આંદામાન અને નિકોબાર ટાપુઓ, અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર અનેત્રિપુરામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરાઇ છે.

દરમ્યાન આજે ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદ થવાની શક્યતા છે. હવામાન વિભાગની યાદીમાં જણાવાયું છે કે મધ્યપ્રદેશ, ઝારખંડ, બિહાર અને પશ્ચિમ બંગાળ સહિતના કેટલાક રાજ્યોમાંથી દક્ષિણ-પશ્ચિમ ચોમાસું પાછું ખેંચવા માટે સાનુકૂળ સ્થિતિ સર્જાઇ છે.

# EARTH QUAKE

મધ્ય આસામના કેટલાક ભાગોમાં આજે સવારે 4.2ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જો કે, કોઈ જાનહાનિ કે સંપત્તિને નુકસાનના અહેવાલ નથી. સત્તાવાર માહિતી મુજબ, બ્રહ્મપુત્રા નદી ઉપર આવેલા ઉદલગુરી જિલ્લામાં સવારે પોણા આઠ વાગ્યે આંચકા અનુભવાયા હતા. આ સાથે જમ્મુ કાશ્મીરના ડોડા જિલ્લામાં આજે ૬ વાગીને ૧૪ મિનિટે 4.3ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્રબિંદુ ગુંડોહમાં નોંધાયું હતું.